SAMVAD E-JOURNAL
ISSN (Online) :2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-3, April-May-June : 2025
Published by Rangmati Publication https://www.rangmatipublication.com/

# ભારતમાં માતૃસત્તાક સમાજ વ્યવસ્થા હતી?

**યોગેશ શાહ**

**સંક્ષેપમાં મુખ્ય મુદ્દાઓ:** માતૃસત્તાક સમાજ વ્યવસ્થા એટલે શું ?એવી સમાજ વ્યવસ્થા ભારતમાં હતી ?શું હજુ છે ?ક્યાં છે ? માતૃવંશી સમાજ વ્યવસ્થા એટલે શું ?શા માટે પિતૃસત્તાક સમાજ વ્યવસ્થા જ બધે દેખાય છે ? હિન્દુ ધર્મમાં, બૌદ્ધ ધર્મમાં અને જૈન ધર્મમાં સ્ત્રીનું સ્થાન શું હતું ? આર્યોની સમાજ વ્યવસ્થામાં ચતુર્વર્ણમાં સ્ત્રીનું સ્થાન શું હતું ?લગ્નપ્રથામાં એના અધિકારો અને સ્વતંત્રતા કેટલી હતી ? પરદેશી આક્રમણકારોને લીધે અને એમના શાસનને લીધે સમાજ વ્યવસ્થામાં કયા કયા ફેરફારો આવ્યા ? વર્તમાનમાં અને ભવિષ્યમાં સ્ત્રીકેન્દ્રી સમાજ વ્યવસ્થા અંગે આ નિબંધમાં ચર્ચા કરવામાં આવી છે.

**મુખ્ય શબ્દો:** માતૃસત્તાક, માતૃવંશી, દેવીપૂજા, આર્યો, શુદ્રો,પરદેશી શાસન.

**વિષય પ્રવેશ**

વિષય પ્રવેશઇતિહાસના બહુ જૂના ભૂતકાળથી અદ્યાપિપર્યંતની સમાજ વ્યવસ્થા પર નજર નાંખીએ તો પ્રશ્ન થાય કે કેમ મોટેભાગે બધે જ પિતૃસત્તાક વ્યવસ્થા કે શાસન દેખાય છે ? શું ક્યારેય માતૃસત્તાક સમાજ વ્યવસ્થા હતી ? એ હજી ક્યાંય છે ? તો એ બંને પ્રશ્નોનો ઉત્તર છેઃ હા. માતૃસત્તાક સમાજ વ્યવસ્થા હતી અને આજે પણ કેટલાંક પ્રદેશોમાં આ પ્રથા હજુ છે અને સ્વાભાવિક રીતે જ પેઢી દર પેઢી ચાલતી આવી છે. આફ્રિકાના અને ભારતનાં કેટલાક પ્રદેશોમાં અને કેટલીક જાતિઓમાં પરંપરાગત માતૃકેન્દ્રી સમાજ હતો અને હજી છે.

'માતૃસત્તાક' અને 'માતૃવંશીય' એ બે શબ્દોના અર્થમાં ફરક છે.માતૃવંશીય કે માતૃકુલીય વ્યવસ્થામાં વ્યક્તિનો વંશ કે કુળ એની માતાના નામથી ઓળખાય છે. કોઈ એક સ્ત્રીના નામથી આખો વંશ પરંપરાગત રીતે ઓળખાય છે. અહીં માતા સત્તાના કેન્દ્રમાં હોય કે ન પણ હોય. જ્યારે માતૃસત્તાક કે માતૃપ્રધાન સમાજ વ્યવસ્થામાં સ્ત્રી સત્તાના કેન્દ્રમાં હોય છે. સ્ત્રીના હાથમાં સત્તા અને નિર્ણાયક શક્તિ હોય છે. કુટુંબની મુખ્ય વ્યક્તિ સ્ત્રી હોય છે. અને વંશ પણ માતાના નામથી ઓળખાય છે. અત્યારે ભારતમાં કેટલાક પ્રદેશોમાં અને કેટલીક જાતિઓમાં હજુ માતૃસત્તાક સમાજ વ્યવસ્થા પ્રવર્તે છે. મેઘાલયની 'ખાસી' અને 'ગારો' જાતિઓમાં તેમજ કેરળમાં કેટલીક જાતિઓમાં બાળકોના નામ પાછળ માતાનું નામ લાગે છે. છોકરીઓને એ જ ઘરમાં લગ્ન પછી રહેવાનો કે બીજે જવાનો વિકલ્પ હોય છે. સૌથી નાની દિકરી એ જ ઘરમાં રહી માતાપિતાની સંભાળ રાખે છે. અને એ જ માતાની સત્તા અને વંશ આગળ વધારે છે. માતાના મૃત્યુ બાદ બધા મુખ્ય વ્યક્તિ તરીકેના અધિકાર ભોગવે છે અને આમ પરંપરા ચાલુ રાખે છે.

એ પણ ઐતિહાસિક તથ્ય છે કે ધીરે ધીરે માતૃસત્તાક સમાજ પિતૃસત્તાક થયો અને આજે મોટે ભાગે બધા જ પ્રદેશોમાં અને જાતિઓમાં પુરુષકેન્દ્રી સમાજ અને શાસન વ્યવસ્થા દેખાય છે.એમ છતાં આજે પણ ભારતમાં અને ભારત બહારના કેટલાક પ્રદેશોમાં માતૃકેન્દ્રીય સમાજ વ્યવસ્થામાં છે તેથી કહી શકાય કે ભૂતકાળમાં માતૃસત્તાક સંસ્કૃતિ હતી. છતાં એમ ન કહી શકાય કે માતૃસત્તાકમાંથી પિતૃસત્તાકમાં ધીમે ધીમે પરિવર્તન થયું. જ્યાં છે ત્યાં હજુ પણ આ વ્યવસ્થા સ્વાભાવિક રીતે ચાલુ છે. એની આસપાસના પ્રદેશોમાં કે બીજી આસપાસની જાતિઓમાં માતૃસત્તા ન હોય તો પણ પરંપરા પર ત્યાં અસર થઈ નથી. શા માટે કોઈ જગ્યાએ માતૃસત્તાક અને કોઈ જગ્યાએ પિતૃસત્તાક , એવા કોઈ


*Yogesh Shah, Address: 2106/C, Shreepati Aradhana, Near Ram Mandir, Bhuleshwar Road, Mumbai: 400002, ContactNo. : 9323271180, Email: ykshah234@gmail.com*

ઐતિહાસિક કારણો મળતાં નથી. પરંતું ભૌગોલિક પરિસ્થિતિ કારણો આપી શકે , રાજકીય આક્રમણો અને શાસકીય પરિસ્થિતિ કારણો આપી શકે, સ્થાનિક પરિસ્થિતિમાં થતા ફેરફારો , પરદેશી આક્રમણો, પરદેશી શાસકોની સમાજ વ્યવસ્થાની અસર , ધર્મના બંધનો,ધાર્મિક ક્રિયાકાંડો વગેરે વગેરે કારણો એક ચોક્કસ પ્રકારની સત્તા ને પ્રાધાન્ય આપે છે. અને તેને પ્રતિષ્ઠિત કરે છે. એક પ્રકારની વ્યવસ્થા જ્યારે રૂઢિગત થઈ ગઈ હોય ત્યારે એમાં પરિવર્તન એટલું સહેલાઈથી નથી આવતું. પ્રથા અને રૂઢી હંમેશા બળવત્તર હોય છે. બહુપતિત્વ કે બહુપત્નીત્વ જેવા સામાજિક રિવાજો પણ કારણભૂત હોઈ શકે.

**સમાજ જીવનની શરૂઆતમાં**

સમાજ જીવનની શરૂઆતમાં એમ અનુમાન લગાવી શકાય કે પ્રાગૈતિહાસિક સમયમાં જ્યારે મનુષ્ય શિકાર કરીને નિર્વાહ કરતો હતો ત્યારે ઝાડના ફળ,પાન,મૂળીયા ભેગાં કરવાનું અને બાળકોને સાચવવાનું તેમ જ રહેઠાણની જગ્યા સાચવવાનું કામ સ્ત્રી કરતી હતી તેથી મુખ્યત્વે નિર્ણાયક ભૂમિકામાં સ્ત્રીઓ જ હતી. ખોરાકને કેવી રીતે વહેંચવો અને સમયે સમયે ક્યાં સ્થળાંતર કરવું , એવા નિર્ણયો સ્વાભાવિક રીતે જ સ્ત્રીઓ લેતી હતી. તે વખતે ખોરાક જ જ્યારે કેન્દ્રમાં હતો ત્યારે સત્તા ખોરાક આપનારના હાથમાં જાય જ. શિકાર સામાન્ય રીતે પુરુષો કરે , તેથી ભૂખ લાગે ત્યારે પોતે ખાઈ લે. સમુદાયના સ્થાને જ્યારે પુરુષો શિકાર લાવે ત્યારે અન્યોને ભાગ મળી શકે. તેથી પુરુષોનું મહત્વ પણ હતું જ. છતાં આજ પર્યંત દેવીમાને પૂજવાની પ્રથા સમાજમાં ચાલતી આવી છે તેથી સ્ત્રી કેન્દ્રી વ્યવસ્થા પૂર્વે હશે એમ માની શકાય. હડપ્પા સંસ્કૃતિમાં પણ નારી આકૃતિ ધરાવતાં શિલ્પો મળી આવ્યાં છે. દેવી તરીકે હોય કે ન હોય , પણ સમાજમાં મહત્વ હોય જ તો જ આટલાં ઝીણવટભર્યાં આલેખનો એ શિલ્પોમાં જોવા મળ.. વૈદિક સાહિત્યમાં પ્રકૃતિના રૂપોને દેવ તરીકે પૂજવાનાં મંત્રો મળી આવે છે , દેવી તરીકે નહીં. તેમાં પુરુષ કેન્દ્ર સ્થાને છે. ધાર્મિક દ્રષ્ટિએ પણ સમાજમાં પુરુષને વેદકાળમાં વધુ મહત્વ મળ્યું છે. તેથી તે કાળમાં , કદાચ સુસંસ્કૃત થતા જતાં કાળમાં, સમાજ વ્યવસ્થા પુરુષકેન્દ્રીય હતી એમ કહી શકાય. ધર્મ અને શાસનમાં પિતૃસત્તાક સમાજ વ્યવસ્થા તે વખતે હતી તે સ્પષ્ટ જણાય છે. ધાર્મિક કાર્યોમાં બ્રાહ્મણોનું મહત્વ, વેદાભ્યાસમાં બ્રાહ્મણ પુરુષ જ, યજ્ઞયાગમાં, મંત્રોચ્ચારમાં, ક્રિયાકાંડોમાં પુરુષ કેન્દ્રમાં હતો. મનુસ્મૃતિ મુજબ જન્મથી લઈને મૃત્યુ પર્યંત પિતા,પતિ કે પુત્રના આધારે જ સ્ત્રીનું જીવન હતું. સામાજિક પ્રસંગોએ કે ધાર્મિક ક્રિયાકાંડોમાં સ્ત્રીએ કેવી રીતે રહેવું વગેરે ધર્મશાસ્ત્રોમા નિયમ બદ્ધ લખેલું હતું. લગ્ન પહેલાં અને લગ્ન પછીના જીવન અંગે પણ શાસ્ત્રાજ્ઞા પ્રમાણે જીવન નિર્વાહ કરવો પડતો હતો.

સ્ત્રી પોતે એકલી સ્વતંત્ર રીતે નિર્ણાયક ભૂમિકામાં ન હતી. વ્યક્તિગત પસંદગી બાબતમાં કે ધાર્મિક સામાજિક બાબતોમાં પુરુષની સાથીસંગી તરીકેનું જ સ્થાન હતું. પુરુષની એ સહધર્મચારિણી હતી અને છે. આજે પણ પુરુષ એક ધર્મ પાળતો હોય અને સ્ત્રી બીજો ધર્મ પાળતી હોય એવા દાખલા અપવાદરૂપ જ મળે. આંતરધર્મીય લગ્ન હોય ત્યારે પણ સર્વસામાન્ય રીતે લગ્ન બાદ સ્ત્રી પતિનો જ ધર્મ પાળે છે. હિન્દુ ધર્મમાં સ્ત્રીને જે ધાર્મિક સ્વતંત્રતા ન હતી તે બૌદ્ધ અને જૈન ધર્મમાં જોવા મળે છે. ભિક્ષુક અને ભિક્ષુણી તરીકે તેમજ શ્રમણ અને શ્રાવિકા તરીકે પુરુષ અને સ્ત્રી બંનેને માન્યતા છે. સંઘમાં સ્ત્રીને સામેલ કરવી કે નહીં એ અંગે ચર્ચા થઈ હતી. અને ચર્ચાવિચારણા બાદ ભિક્ષુણી કે શ્રાવિકા તરીકે ધાર્મિક માન્યતા મળી એવું ઇતિહાસ કહે છે. આજે પણ જૈન ધર્મમાં કુમારિકાઓ અને સ્ત્રીઓ દિક્ષા લે એ સ્વાભાવિક લાગતું હોય છે. સંઘની સંચાલિકા સ્ત્રી હોય તે પણ જૈન ધર્મમાં માન્ય છે.

**હિન્દુ ધર્મમાં મોટો વિરોધાભાસ**

હિન્દુ ધર્મમાં મોટો વિરોધાભાસ જોવા મળે છે. એક તરફ શાસ્ત્રાજ્ઞા પ્રમાણે સ્ત્રીને પુરુષાધિન જ ગણવામાં આવી છે તો બીજી તરફ અનેક નામની દેવીઓ વિવિધ સ્થળે પૂજાય છે. દેવીપૂજાનું મહત્વ ઘણું છે , એક આખો સંપ્રદાય 'શાક્ત સંપ્રદાય' દેવીને જ જગત આખાની શક્તિરૂપા ગણી પૂજા અર્ચના કરે છે. સર્વ શક્તિમાન દેવીના હાથમાં વિવિધ આયુધો અને દેવીના વાહનો પણ શક્તિના દ્યોતક હોય છે. દેવીની પૂજા અર્ચના યજ્ઞયાગ વગેરેમાં કેન્દ્રસ્થાને તો પાછો પુરુષપંડિત જ હોય છે. આ આખરે તો પુરુષકેન્દ્રી પિતૃસત્તાક સમાજ વ્યવસ્થાની સાબિતી છે.

માતાના, દેવીના ભક્ત રાજાઓના દાખલાઓ ઈતિહાસને પાને મળે છે. પણ સત્તા અને શાસન તો રાજાઓના હાથમાં જ હતાં. મહેલોનો વહીવટ અને રાજકીય કેટલીક બાબતોનો વહીવટ રાણીઓના હાથમાં હતો એવા દાખલાઓ પણ મળે છે. છતાં એ ઉદાહરણો અસામાન્ય રૂપનાં કે અપવાદરૂપનાં છે. સામાન્યતયા શાસન સત્તા વહીવટમાં રાણીઓને બોલવાની છૂટ ન હતી. રાજાઓના નામ પ્રમાણે વંશાવલી ઈતિહાસમાં લખાતી. વંશ ચાલુ રાખવો એ ધાર્મિક આદેશ ગણાય છે અને તેથી પુત્ર હોવો જ જોઈએ. કોઈ રાજાને પુત્રીઓ જ હોય તો પણ રાજ્યકારભાવ ચલાવવા કોઈના પુત્રને દત્તક લેવામાં આવતો. આમ સ્વભાવિક રીતે પુત્રી , રાજાના મૃત્યુ બાદ કુદરતી રીતે અધિકારી હોવા છતાં ફક્ત તે સ્ત્રી હોવાને કારણે જ સ્વીકાર્ય ન હતી. માતૃસત્તાક સમાજ વ્યવસ્થા શક્ય ન બને તેવા નિયમો ધર્મના નામે પ્રચલિત કરવામાં આવ્યા હતાં. સત્તાનાં સમીકરણો પુરુષોના હાથમાં જ રહે તે માટે , સંપત્તિનો ખરો હકદાર પણ પુત્ર જ હોય એવું ઠરાવવામાં આવ્યું. જોકે ધર્મમાં એવો કોઈ ભેદ ન હતો. બૌદ્ધ ધર્મ કે જૈન ધર્મમાં પણ આ જ નિયમ લાગુ પડતો. પતિના મૃત્યુ બાદ ધાર્મિક કાર્યોમાં વાપરવા , સખાવતો, દાન- ધર્મ કરવા મંદિરો શાળાઓ, આશ્રમો સ્તુપો સ્થાપવા આવી બાબતોમાં સ્ત્રી સંપત્તિના ઉપયોગનો નિર્ણય પોતે લઈ શકતી. પતિના મૃત્યુ બાદ આર્થિક જરૂરિયાતો માટે અન્યના આશરે રહેવું પડે એવી સમાજ વ્યવસ્થા ઘડી કાઢવામાં આવી હતી. સમાજમાં આવી બાબતો સહજ સ્વીકાર્ય હતી. આમ જીવતા હોય ત્યારે અને મૃત્યુ બાદ પણ પતિની સત્તા અને સંપત્તિ પર સ્ત્રીનો કોઈ હક રહેતો નહીં.

સામાજિક માળખામાં ઉચ્ચ વર્ણની સ્ત્રીઓ અને નિમ્નવર્ણની સ્ત્રીઓને પ્રમાણમાં વધુ સ્વતંત્રતા હતી. પણ બંને માટે કારણો હતાં જુદા જુદા. ઉચ્ચવર્ણમાં મુખ્યત્વે તો સામાજિક મોભાને કારણે સ્ત્રીઓને કેટલીક સત્તા હતી. અને નિમ્નસ્તરમાં ,કામગાર વર્ગમાં પતિની સાથે જ પત્ની કામે જતી. તેથી સ્ત્રીઓ પર પુરુષસત્તા ઓછી ચાલતી. પુરુષ જેટલું જ સ્ત્રીઓ પણ કામ કરતી અને કામના પરિણામ પર હક પુરુષ જેટલો જ રહેતો. મધ્યમ વર્ણની સ્ત્રીઓ શાસ્ત્રમાં વર્ણવેલા નિયમનું ચુસ્તપણે પાલન કરતી. એને સ્ત્રીધર્મનું રૂપાળું નામ આપી પુરુષ કેન્દ્રીય સમાજ વ્યવસ્થા ચુસ્તપણે જાળવી રાખવામાં આવતી.

**આર્યોના આગમનની અસર**

કેટલાક ઇતિહાસકારોનું માનવું છે કે ભારતીય ઉપખંડમાં સદીઓ પહેલાં માતૃવંશીય સમાજ વ્યવસ્થા હતી. માતાના નિર્ણયો અંતિમ રહેતાં. કુટુંબ પર માતાનો કાબૂ રહેતો. સંપત્તિની માલિક માતા રહેતી અને એનાં મૃત્યુ પછી પુત્રીઓ સંપત્તિની માલિક બનતી. આ જનસામાન્ય સ્વીકાર્ય પદ્ધતિ હતી. પણ કહે છે કે આર્યોના આગમન પછી ફેરફારો થયાં. આર્યો પોતાની સાથે પુત્રકેન્દ્રી સંસ્કૃતિ લાવ્યા. માતૃવંશી સંસ્કૃતિના અવશેષરૂપ સમાજ વ્યવસ્થા હજુ દક્ષિણ ભારતમાં અને પૂર્વાંચલના કેટલાક પ્રદેશોમાં દેખાય છે. એનું કારણ એ કે આર્યોનો વિસ્તાર અને પ્રભાવ એ પ્રદેશોમાં પ્રમાણમાં ઓછો રહ્યો હતો. પશુપાલક , વિચરતી જાતિઓમાં પોતાનાં પશુધન અને બાળકો સાથે એક પ્રદેશથી બીજા પ્રદેશમાં ફરતી જાતિઓમાં સ્ત્રીઓનું મહત્વ સામાન્ય રીતે સરખું જ રહેતું. પણ આર્યોએ ગંગા નદીના તટ ઉપર આવી જંગલો સાફ કરી, ગ્રામ્યસંસ્કૃતિનો પાયો નાંખ્યો  અને એ સાથે જ પુરુષનું મહત્વ વધતું ગયું.

સત્તા અને નિર્ણયો પુરુષોના હાથમાં આવ્યાં. સંપત્તિ અને એની સંભાળ પુરુષોના હાથમાં આવી. યોદ્ધાઓના હાથમાં સત્તા આવતાં પિતૃસત્તાક સમાજ વ્યવસ્થા સ્વાભાવિક રીતે અસ્તિત્વમાં આવી. કુટુંબમાં સૌથી મોટી વયના પુરુષનો શબ્દ અંતિમ ગણાવા લાગ્યો. લોકોને આ પ્રથા સહજ લાગી. કુટુંબની વયસ્ક વ્યક્તિના નામ પરથી કુટુંબ ઓળખાવા લાગ્યું. અને વંશપરંપરાનો પાયો નંખાયો એમ કહી શકાય. મહાભારત રામાયણ જેવા ગ્રંથોમાં પણ આખી વંશાવળીમાં પુરુષ જ કેન્દ્રમાં જોવા મળે છે. રાજાઓ એક વંશની મહત્વ જાળવી રાખવા યુદ્ધ કરતાં અને મૃત્યુ પણ પામતાં.વ્યક્તિ મટી વંશનું મહત્વ વધુ ગણાયું. રાજાઓ , રાજકુમારો પણ વંશના નામથી ઓળખાતાં. આમ પશુપાલક જાતિમાંથી કૃષિપાલક જાતિઓમાં પરિવર્તન થતાં, માતૃકેન્દ્રી વ્યવસ્થાનું પિતૃકેન્દ્રી વ્યવસ્થામાં પરિવર્તન થયું.

**વર્ણ વ્યવસ્થાને કારણે સ્ત્રીનું સ્થાન**

આર્યો અને અનાર્યો વચ્ચેનો મોટો સામાજિક તફાવત તે વર્ણ વ્યવસ્થા અને જાતિવાદ. અનાર્યોમાં આવું ન હતું. માટે આર્યો તેમની સાથે હળતાંભળતાં ન હતાં. પોતાની શુદ્ધતા જાળવવા અનાર્યોથી દૂર રહેતાં. તેમને શુદ્ર ગણતા અને તેથી તેઓ આર્યો માટે અસ્પૃશ્ય થઈ ગયાં. ઉચ્ચવર્ણના આર્યો પોતાને દ્વિજ (બે વખત જન્મનારા) માનતાં. અનાર્યોઓનો સંપૂર્ણ સામાજિક બહિષ્કાર અને ગોત્રની શુદ્ધતાની જડ માન્યતાએ પિતૃસત્તાક વ્યવસ્થા ને વધુ મજબૂત બનાવી.સામાજિક અને કાયદાકીય નિયમબધ્ધ માળખામાં આર્યોએ પરંપરાગત રીતે પુરુષને જ બધા હક આપ્યાં.

આર્યોમાં પણ નિમ્નવર્ણમાં સ્ત્રીઓ પર ઉચ્ચવર્ણ જેટલા બંધનો ન હતા. તે જ રીતે અનાર્યોઓમાં પણ વર્ણવ્યવસ્થાના ન હોવાથી અને પશુપાલક તથા કૃષિવાદી જીવન શૈલી હોવાથી સ્ત્રીઓ પર પુરુષનું આધિપત્ય હોય એવી સમાજ વ્યવસ્થા ન હતી. બલ્કે શુદ્ર વર્ગની સ્ત્રીઓ ઉચ્ચવર્ણની સ્ત્રીઓ કરતાં કદાચ વધુ સ્વતંત્ર હતી.કૃષિકેન્દ્રી જીવનમાં સ્ત્રીઓ એમના પતિને કામમાં સંપૂર્ણ રીતે મદદ કરતી અને ઘર બાળકો પણ સંભાળતી તેથી સ્વાભાવિક રીતે જ કુટુંબમાં મહત્વનું સ્થાન સ્ત્રીઓ ભોગવતી.ભારતીય ઉપખંડમાં પરાપૂર્વથી અદ્યાપિપર્યંત સમાજ કૃષિકેન્દ્રી રહ્યો છે. તેથી સ્ત્રી ઘરની સંભાળની સાથે જ પતિને ખેતર કે દુકાનમાં સહાયરૂપ થતી તેથી તેનું સ્થાન પુરુષથી ઓછું ન હતું.

આર્યો ગંગા નદીને કિનારે આવીને વસ્યા અને વિકસ્યા. સમાજને સુગ્રથિત રાખવા નિયમો બનાવવામાં આવ્યા. તે જ રીતે શાસન ચલાવવા , નિયમોનું પાલન કરાવવા એક 'મુખિયા' ની વરણી કરવામાં આવી. જેની જવાબદારી ફક્ત પોતાના કુટુંબની રક્ષા જ નહીં પણ આખા કબિલાની રક્ષા કરવાની પણ હતી. આમાંથી જ 'રાજા'ની કલ્પના ઉદભવી. એકબીજા પર આક્રમણો થતાં ત્યારે યોદ્ધા તરીકે પુરુષની જરૂરિયાત પડતી. તેથી પુરુષોનું મહત્વ વધ્યું. શારીરિક અને સામાજિક રીતે પુરુષ વધુ શક્તિશાળી થતાં સ્ત્રી સામાજિક ફલક પર હાંસિયામાં ધકેલાતી ગઈ. એના પર નિયંત્રણો વધ્યા. જીતેલો રાજા જીતેલા પ્રદેશની સ્ત્રીઓને ઉપભોગની વસ્તુ બનાવતો અને હારેલા પુરુષોને દાસ, ગુલામ બનાવતો.

અત્યારના ઉત્તરપ્રદેશ ,બિહાર, છત્તીસગઢના વિસ્તારોમાં રાજાશાહીનો મૂળ પાયો રચાયો એમ કહી શકાય. હિમાલયના તળેટીના પ્રદેશો જે આજના પંજાબ અને રાજસ્થાન તથા પૂર્વોત્તર પ્રદેશોમાં એક જ રાજાની સત્તાને બદલે કેટલાક લોકો આપસમાં સલાહ-મસલત કરી રાજ ચલાવતાં જે આજની સંસદીય લોકશાહીનો પાયો કરી શકાય. પૂર્વના પર્વતીય પ્રદેશો પર આર્યોનો પ્રભાવ નહીંવત હોવાથી ત્યાંની સમાજ વ્યવસ્થા સંપૂર્ણપણે પુરુષકેન્દ્રી ન બની. તેઓ પ્રમાણમાં ઉદારમતવાદી હોવાને કારણે જ બૌદ્ધ ધર્મનો ત્યાં ઉદય થયો. જે બ્રાહ્મણવાદી વૈદિક પરંપરાના પ્રતિકારરૂપે જ ઉદ્ભવ્યો એમ કહી શકાય. સમાજને વર્ગોમાં વિભાજિત કરતી હિન્દુવ્યવસ્થાના પ્રતિકારરૂપે જ બૌદ્ધ અને જૈન ધર્મ જનસામાન્યમાં સ્વીકાર્યા બન્યા. ધાર્મિક ક્રિયાઓમાં બૌદ્ધ અને જૈન ધર્મએ સ્ત્રીઓને સ્થાન આપ્યું. સંસારમાં રહેવું કે સંસારનો ત્યાગ કરવો એવા વિકલ્પની પસંદગીની છૂટ પણ સ્ત્રીઓને મળી. આ મોટી સ્વતંત્રતા કહેવાય.

**સ્ત્રીઓ માટે વિકલ્પો**

પિતૃસત્તાક વ્યવસ્થાએ કેવા વરવા વિકલ્પો સ્ત્રીઓને આપ્યાં હતાં તે જોઈએ. ધર્મને માટે જીવન સમર્પણ કરવું એ સ્વાભાવિક રીતે ઉત્તમ અને સ્વીકાર્ય વિકલ્પ ગણાય. ધર્મધ્યાન પણ થાય અને સ્વતંત્ર પણ રહેવાય. પણ એને માટે પણ પ્રથમ પતિ કે પિતાની મંજૂરી જરૂરી હતી. એટલું જ નહીં સમાજ પ્રચલિત પદ્ધતિથી પૂજા અર્ચના સેવા કરાય. મીરાંબાઈએ પૂજા અર્ચના ભજનમાં બ્રાહ્મણોના આધિપત્યને અવગણ્યું. તો ઝેરનો કટોરો પીવો પડ્યો. સ્વતંત્રતા માટેનો બીજો વિકલ્પ હતો 'ગણિકા' બની રહેવાનો. ગણિકા ઉચ્ચ ઘરાણા અને રાજાઓ સાથે જ સંબંધો રાખતી. અને પોતાના મનની માલિક હતી. જ્ઞાન અને કળામાં પાવરધી હોવાથી આદર અને માન હતાં. નિમ્નવર્ગની પહોંચની બહાર હતી. પણ ભક્તની જેમ એક પ્રભુને જ સમર્પિત જીવન ન હતું. ગણિકાએ સમાજથી અળગા રહીને જીવન જીવવાનું ન હતું. દક્ષિણ ભારતના મંદિરોએ આ બંને વિકલ્પોને એકમાં જ સમાવી 'દેવદાસી' પ્રથા શરૂ કરી, જે નવીન વિકલ્પ હતો અને સમાજે અપનાવી લીધો. અને લાંબો સમય ચાલ્યો પણ ખરો. અહીં દેવદાસીનો સમાજ ઉપાલંભ કરતો ન હતો. તિરસ્કાર નહોતો કરતો. પ્રભુને અને સમાજને બંનેને સમર્પિત દેવદાસી પ્રથા ઉચ્ચવર્ણના સ્વીકાર અને સંમતિથી લાંબો સમય ચાલી.

તાંત્રિક પરંપરામાં આનાથી વિપરીત જીવન વ્યવસ્થા હતી.તાંત્રિકોમાં સ્ત્રીને પુરુષો જેટલું જ ,બલ્કે વધુ મહત્વ મળતું. સ્ત્રીને માતાનો દરજ્જો આપી પૂજનીય બનાવી. દેવીપૂજાને વધુ પ્રચલિત કરી. સ્ત્રી સાધ્વી તરીકે પોતાની મરજીથી કોઈની આજ્ઞા લીધા વગર સ્વતંત્ર રીતે પોતાનું જીવન જીવી શકતી હતી. તાંત્રિકોમાં પુરુષોનું આધિપત્ય ન હતું.

**પરદેશી આક્રમણો**

તેરમી સદીના તુર્ક અને અફઘાનોના હુમલાઓની અસર હેઠળ સ્ત્રીઓ પર નિયંત્રણો વધ્યાં. તેઓ રૂઢિચુસ્ત પિતૃસત્તાક હતાં. તેમના ધર્મના પુસ્તકોમાં સ્ત્રીઓને વધુ સ્વતંત્રતા હતી પણ અમલ ન હતો. સ્ત્રીને શિક્ષણ ,લગ્ન માટે પસંદગીનો હક ,છૂટાછેડાનો વિકલ્પ, પુનર્લગ્ન માટે પરવાનગી અને સંપત્તિમાં વારસાગત હક વગેરે ધાર્મિક પુસ્તકોમાં હતા પણ તેનો અમલ ન હતો. બલ્કે સ્ત્રીઓને બુરખામાં રાખવાની પ્રથાએ સ્ત્રીના સ્વાતંત્ર્ય પર વધુ નિયંત્રણો લાદયા હતાં.હિન્દુઓમાં લાજ કાઢવાની પ્રણાલિકા કે પલ્લું ઓઢવાની પ્રથા મુસ્લિમોના શાસનને કારણે આવી. શક અને હૂણ પ્રજાના શાસને પણ વૈદિક રીતરિવાજો ઉપર ઘેરી અસર કરી. ધાર્મિક વટાળવૃત્તિએ જોર પકડ્યું હતું. એની સામે ચાલેલા ભક્તિ આંદોલને સમાજમાં જાતિવાદ,વર્ણવાદ, વર્ગવાદને મહત્વ ન આપ્યું. ભક્તિ ચળવળમાં સ્ત્રીઓ પણ જોડાઈ. પરદેશી આક્રમણોને કારણે રૂઢિચુસ્ત હિન્દુ સમાજમાં સ્ત્રીઓ પર મુકાયેલા નિયંત્રણોમાં શિથિલતા આવી.

ઓગણીસમી સદીમાં અંગ્રેજોએ શાસન વિસ્તારવા માંડ્યું. ધીમે ધીમે રાજાઓ પાસેથી સત્તા આંચકી લીધી. પશ્ચિમની વિચારોનો ધીમે ધીમે પ્રભાવ પડવા લાગ્યો. સ્ત્રી પર નિયંત્રણો તો પશ્ચિમી સમાજમાં પણ હતાં જ છતાં વિધવાનું જીવન અહીં જેટલું દયનીય ન હતું. વિધવા પુનર્વિવાહ અને સ્ત્રીશિક્ષણ જેવા સુધારા આવ્યા. બાળવિવાહ અને સતીપ્રથા પર કાયદાથી પ્રતિબંધ લગાવવામાં આવ્યા. આવા સામાજિક રાજકીય સુધારાઓથી સ્ત્રીને વધુ સ્વતંત્રતા પ્રાપ્ત થઈ. પોતાના જીવનનો નિર્ણય લેવાનો હક પ્રાપ્ત થયો. રાજા રામમોહન રાય , જ્યોતિબા ફૂલે અને મહાત્મા ગાંધી જેવા બીજા અનેક ચળવળકારોના સતત પ્રયત્નોને લીધે સ્ત્રીઓ ઘરની ચાર દિવાલોની બહાર આવી. સામાજિક સુધારતાની ચળવળ આઝાદીની ચળવળ ફક્ત રાજકીય જ નહીં પણ સામાજિક સુધારાની ચળવળ પણ બની રહી.

**ભવિષ્ય તરફ નજર**

કાયદાકીય સુધારા સમાજમાં એટલા જલ્દી પરિવર્તનો લાવી શકતાં નથી. સમાજનું માનસ બદલાતાં ઘણો સમય લાગે છે. છતાં કાયદાનો ડર અને શિક્ષણનો વધતો વ્યાપ ધીમી પણ નક્કર અસર બતાવી રહ્યો છે. સમાજ વ્યવસ્થા હજુ પુરુષકેન્દ્રી પિતૃસત્તાક છે પણ સ્ત્રીને મળતાં માનમરતબો અને મહત્વ ચોક્કસ વધ્યાં છે.

## સંદર્ભ ગ્રંથો

1) The future in the past. Essays and Reflections: by RomilaThapar. Publisher: Aleph book co., 2023

2) Changing family systems among a matrilineal group in India: Dr Madhumita Das. International institute for Population Sciences, Deonar. Mumbai: 400088.(Online Article)